CNR : GJDH080001932023

दाખલ તારીખ : ૦૧/૦૨/૨૦૨૩
રજી. તારીખ : ૦૧/૦૨/૨૦૨૩
ફેસલ તારીખ : ૧૩/૦૭/૨૦૨૬
સમય ગાળો : વર્ષ માસ દિવસ

## મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં, મુ. ગરબાડા.

**ક્રિમીનલ કેસ નં.૧૮૪/૨૦૨૩.**
**આંક:-61.**

શ્રી સરકાર ...........ફરીયાદી.

**વિરૂધ્ધ.**

(૧) લીલાબેન વા/ઓ દીતાભાઈ કશનાભાઈ રાઠોડ,
(૨) દીતાભાઈ કશનાભાઈ રાઠોડ,
બંન્ને રહે. ગરબાડા, નવાગામ, પટેલ ફળીયા,
તા.ગરબાડા, જી.દાહોદ. ..........આરોપીઓ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટ ૧૩૫ મુજબ.**

ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ. પી. પી. શ્રી એ. બી. તલાવીયા
આરોપી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રી એચ. એસ. નલવાયા

**-:: ચુકાદો ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના તહોમતદારોએ તા.૧૨/૦૭/૨૦૨૨ ના કલાક ૧૦:૦૦ વાગે મોજે ગરબાડા, નવાગામ, પટેલ ફળીયા મુકામે આ કામના આરોપી નં.૧ ની શેઢા ઉપર વાડ કરતી હોય જેથી ફરીયાદીબેન શેઢા ઉપર માણસોને આવવા જવા માટે રસ્તો રાખજે તેમ કહેવા જતા આ જમીન બધી મારી છે, હું બધી લઈ લઈશ તેમ કહી ગાળા ગાળી કરતા આરોપી નં.ર એ આવી ફરીયાદીને છાતીના ભાગે લાત મારી જમીન પર પાડી દઈ કમરના ભાગે ઈજા કરી તેમજ સાહેદ કીર્તીકાબેનને ગાલ ઉપર થપ્પડ મારી તેમજ વૈશાલીબેનને બરડાના ભાગે લાકડી મારી આ વાડ કરવા બાબતે અમોને કઈ કહેશો તો

તમોને અહીં રહેવા દઈશું નહી અને તમોને જાનથી મારી નાખીશું તેમ કહી ધમકીઓ આપી, એકબીજાની મદદગારી કરી તેમજ મે. જીલ્લા મેજી., દાહોદનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપી એકટ કલમ–૧૩૫ મુજબ ગુનો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીએ પુરતો પુરાવો જણાતાં, હાલના ગુનાનુ ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ.

(૨) ઉપરોકત મુજબનું ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપીઓ અદાલતમાં હાજર થયેલા. આરોપીઓને ક્રિ. પ્રો. કોડ કલમ : ૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુના વિશે સમજ કરી, આંક:૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આંક:૫, આંક:૬ હેઠળ આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે, આરોપીઓ દ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો.</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી નબીબેન નાનજીભાઇ રાઠોડ | ૧૧ |
| ૨ | સાહેદ વૈશાલીબેન કમલેશભાઇ રાઠોડ | ૧૫ |
| ૩ | સાહેદ કિર્તીકાબેન કમલેશભાઇ રાઠોડ | ૧૬ |
| ૪ | સાહેદ રમીલાબેન સંદીપભાઇ રાઠોડ | ૨૭ |
| ૫ | સાહેદ સંદીપભાઇ રમણભાઇ રાઠોડ | ૨૮ |
| ૬ | સાહેદ રાઠોડ રમણભાઇ કોદરભાઇ | ૩૦ |
| ૭ | સાહેદ રાઠોડ સુશીલાબેન રમેશભાઇ | ૩૧ |
| ૮ | સાહેદ રાઠોડ કમલેશભાઇ નાનજીભાઇ | ૩૨ |
| ૯ | સાહેદ રાઠોડ કાળીબેન કમલેશભાઇ | ૩૩ |
| ૧૦ | ડૉ. ધર્મેન્દ્રકુમાર સુરેશચંદ્ર અગ્રવાલ | ૩૮ |
| ૧૧ | સાહેદ રાઠોડ બદલીબેન નવલસિંહ | ૪૨ |

| | | |
|---|---|---|
| ૧૨ | ત.ક.અ. દશરથસિંહ સરદારસિંહ ગોહીલ | ૪૩ |
| ૧૩ | પંચ રેવલાભાઇ મલીયાભાઇ ભાભોર | ૪૯ |
| ૧૪ | પંચ અનીલભાઇ છત્રસિંહ રાઠોડ | ૫૧ |
| ૧૫ | પંચ રામસીંહભાઇ પરથીભાઇ રાઠોડ | ૫૩ |
| ૧૬ | સાહેદ રાજુભાઇ કમલેશભાઇ રાઠોડ | ૫૯ |

**દસ્તાવેજી પુરાવો.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | મેડીકલ સર્ટીફીકેટ. | ૩૯ |
| ૩ | શરીર સ્થિતિ તથા મુદામાલ રીકવરીનું પંચનામુ. | ૪૫ |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ. | ૪૬ |
| ૫ | મેડીકલ સર્ટીફીકેટ. | ૪૭ |
| ૬ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ. | ૪૪ |
| ૭ | શરીર સ્થિતિ તથા મુદામાલ રીકવરીનું પંચનામુ. | ૫૦ |
| ૮ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ. | ૫૨ |

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એ. બી. તલાવીયાએ વધુ કોઈ પુરાવો આપવો નથી, તેવી મૌખિક વિનંતીનાં આધારે કરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે રજુ પુરાવા જોતા ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો હોઈ, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના આક્ષેપો નકારી કાઢેલ છે અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી કે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૦૭/૨૦૨૨ ના કલાક ૧૦:૦૦ વાગે મોજે ગરબાડા, નવાગામ, પટેલ ફળીયા મુકામે આ કામના આરોપી નં.૧ ની શેઢા ઉપર વાડ કરતી હોય જેથી ફરીયાદીબેન શેઢા ઉપર માણસોને આવવા જવા માટે રસ્તો રાખજે તેમ કહેવા જતા આ જમીન બધી મારી છે, હું બધી લઈ લઈશ તેમ કહી ગાળા ગાળી કરતા આરોપી નં.ર એ આવી ફરીયાદીને છાતીના ભાગે લાત મારી જમીન પર પાડી દઈ કમરના ભાગે ઈજા કરી તેમજ સાહેદ કીર્તીકાબેનને ગાલ ઉપર થપ્પડ મારી તેમજ વૈશાલીબેનને બરડાના ભાગે લાકડી મારી આ વાડ કરવા બાબતે અમોને કઈ કહેશો તો તમોને અહીં રહેવા દઈશું નહી અને તમોને જાનથી મારી નાખીશું તેમ કહી ધમકીઓ આપી, એકબીજાની મદદગારી કરી તેમજ મે. જીલ્લા મેજી., દાહોદનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપી એકટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ કલમ : ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હાઓનું તહોમત મુકવામાં આવેલ છે. સદરહું કલમમાં કરવામાં આવેલી જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>ઈ. પી. કોડ કલમ–૩૨૩.</u>**

ઈ.પી.કોડ કલમ–૩૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાને સાબિત કરવા

ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબિત ફરવી જરૂરી છે.

(૧) આરોપીએ શારીરીક પીડા, રોટ અથવા અશકિત નિપજાવ્યા હોય, જો કોઈ પણ વ્યકિત માનવ જીજીંદગી અને શારીરીક સલામતી ભયમાં મુકાય તેમ બેફામપણે અથવા બેદરકારી પૂર્વક કોઈ કૃત્ય કરીને,

(૨) આવું કૃત્ય આરોપીએ ઈરાદા કે જ્ઞાન સાથે સ્વેશ પૂર્વક કરેલ છે.

**ઈ. પી. કોડ કલમ–૫૦૪.**

"ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભં ગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે, એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યકિત ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યકિતનું અપમાન ફરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે."

**ઈ. પી. કોડ કલમ–૫૦૬ : ગુનાહિત ધમકી માટેની શિક્ષા ::**

જે કોઈ વ્યકિત, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાં થી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે. જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મુકવાનું હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**ઈ. પી. કોડ કલમ–૧૧૪.**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

(૮) ઉપરોકત મુદ્દાઓના નીર્ણયોના કારણો નીચે મુજબના છે.

**-::: કારણો :::-**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

**મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨.**

**૮.૧** ફરીયાદપક્ષ તર્ફે આંક:૧૧ થી ફરીયાદી નબીબેન નાનજીભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હુ અભણ છુ. મારે એક દિકરો અને બે દિકરીઓ છે. મારા દિકરાનુ નામ કમલેશ છે અને દિકરીઓ કમલીબેન અને ગીતાબેન છે. આ બધાના લગ્ન થઈ ગયેલ. હુ મારા કમલેશભાઈ સાથે રહુ છુ. વૈશાલીબેન અને કાર્તીકાબેન કમલેશની દિકરીઓ છે. રાજુભાઈ, કમલેશભાઇનો દિકરો છે. આરોપી લીલાબેન દિતાભાઈ તથા દિતાભાઈ કશનાભાઇને ઓળખુ છુ જેઓ મારા જેઠના વહુ અને દિકરા છે. બનાવ આશરે ૧ વર્ષ પહેલા અમારા ઘર આગળ સવારે ૯ વાગે બનેલ. આ કામના આરોપીઓ દિતાભાઈ અને તેમની પત્નિ જવા આવવાના રસ્તા નજિક કાંટાની વાડ બનાવતા હતા જેથી મે આવ્યા જવાનો રસ્તો રાખવા માટે કીધેલું, જેથી દિતાભાઈ ઉશ્કેરાટમા આવી મને છાતીના ભાગે પાટુ મારતા હુ પડી ગયેલી. ત્યારબાદ બુમાબુમ થતા વૈશાલી અને કાર્તીકાબેન આવી જતા તેમને દિતાભાઈએ, વૈશાલીને ડાંગ વડે બરડાના ભાગે મારેલ અને કાર્તિકાને ઝાપડ મારેલ. ત્યારબાદ અમો બુમાબુમ કરતા ફળિયાના માણસો દોડી આવેલ અને અમને બચાવેલ. તે વખતે કમલેશ બહાર હતો જેથી દવાખાને રાજુ ૧૦૮ મા દાહોદ ખાતે સરકારી દવાખાને લઈ ગયેલ, ત્યા ૧૫-૨૦ દિવસ સારવાર આપવામા આવેલી. દવાખાનામા પોલિસ આવેલી. પોલિસે મારી ફરીયાદ લીધેલ. મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારો અંગુઠો છે જેને હું ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક:૧૨ આપવામાં આવે છે. હુ આરોપીને ઓળખુ છુ. આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર

છે.'' <u>ફરીયાદી આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''મને લખતા વાંચતા આવડતુ નથી. બનાવમા દિતાભાઈએ રાજુને ડાંગ મારેલ. એ વાત ખરી છે કે વાડ કરતા હતા ત્યા દિતાભાઈની જમિનનો શેઢો આવેલ છે. એ વાત નથી કે દિતાભાઈની જમિન પાસે પાકો રોડ આવેલ નથી. સાહેદ જણાવે છે કે પગદંડી રસ્તો છે. આ રસ્તામા ફળિયાના બધા માણસો ચાલે છે. અમારા ફળિયામા આશરે ૪૦-૫૦ ઘરો આવેલા. આરોપીઓ મારા કુટુંબીઓ થાય એટલે બનાવ પહેલાથી ઓળખુ. બનાવ બન્યો ત્યારે મે કમલેશને બોલાવેલો. દવાખાનામા ૪-૫ દિવસ પછી આવેલી. બનાવ બન્યો બાદ હુ બીજા દિવસે દવાખાને ગયેલી. બનાવની ફરીયાદ કમલેશભાઈએ લખાવેલી. એ વાત ખરી છે કે મારી ફરિયાદમા રાજુને ડાંગ મારેલી તેવુ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બન્યો ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.''

<u>૮.૨</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૧૫ થી સાહેદ વૈશાલીબેન કમલેશભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હુ કોલેજ સુધી ભણેલ છુ. આ કામના ફરીયાદી નબીબેન મારા દાદી છે. કમલેશભાઈ મારા પિતા છે. કિર્તીકાબેન મારી બેન છે. રાજુભાઈ મારા ભાઈ છે. આરોપી લીલાબેન દિતાભાઈ તથા દિતાભાઈ કશનાભાઇને ઓળખુ છુ જેઓ મારા કુટુંબી થાય છે. બનાવ તા. ૧૨-૦૭-૨૨ ના રોજ અમારા ઘર આગળ સવારે ૧૦ વાગે બનેલ. આ કામના આરોપી લીલાબેન દિતાભાઈ નાઓ વાડ કરતા હતા જેથી નબીબેન નાઓએ આવ્વા જવાનો રસ્તો રાખવા માટે કીધેલુ, જેથી લીલાબેન ગાળો દેવા લાગેલા અને તેના પતિ દિતાભાઈ ઉશ્કેરાટમા આવી દોડી આવી મારી દાદીને છાતીના ભાગે પાટુ મારતા તે પડી ગયેલી. ત્યારબાદ બુમાબુમ થતા હુ અને કાર્તીકાબેન આવી જતા દિતાભાઈએ, મને કમર પર લાકડી મારેલ અને કિર્તિકાને મોઢા પર ઝાપડ મારેલ. ત્યારબાદ રમણભાઈ આવી જતા તેમણે વધુ માર મારવાથી બચાવેલ. આરોપી ત્યાથી જતા રહેલ. ત્યારબાદ નબીબેનને હુ તથા

સંદિપ મો.સા. પર સરકારી દવાખાને નવા ફળિયા લઈ ગયેલ. ત્યા પ્રાથમિક સારવાર આપેલી. ત્યારબાદ બીજે દિવસે ૧૦૮ મા દાહોદ ખાતે ઝાયડસ દવાખાને લઈ ગયેલ, બનાવ બાબતે પોલિસે મારો જવાબ લીધેલો. આરોપીઓને હુ ઓળખુ છુ.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''મારી જન્મ તા.૨૧–૦૧–૨૦૦૫ ની છે. લીલાબેન અને દિતાભાઈ મારા મોટા બાપા થાય છે. મારા પિતાનુ નામ કમલેશભાઈ છે. એ વાત ખરી છે કે અમારા પિતાની જમીનના પોત પોતાના હિસ્સા ભાગ પડી ગયેલ છે અને બધા પોત પોતાની જમીન ખેડે છે. **ફરીયાદ બનાવના દિવસે આપેલી નહી**. એ વાત ખરી છે કે બનાવ વખતે મારા માતા પિતા મજુરી કામે હતા. **બનાવ ની ફરિયાદ કોણે આપેલી તે મને ખબર નથી**. મારા દાદી દવાખાને હતા તે વખતે હુ તેમની જોડે હતી તે વખતે મારી સાથે રાજુ હતો. હુ દવાખાને હતી ત્યારે પોલિસ આવેલી નહી. એ વાત ખરી નથી કે મારો જવાબ રાજુભાઈએ લખાવેલો. મારો જવાબ બનાવ બન્યાના ૩–૪ દિવસ પછી લીધેલ. એ વાત ખરી છે કે મારો જવાબ બનાવ ના ૮ દિવસ પછી પોલિસે લીધેલ નહી. એ વાત ખરી છે કે ઈજા બાબતે મે સારવાર કરાવેલી નહી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બન્યો ન હોવા છતા ફરીયાદી મારા દાદી થતા હોય ફરિયાદના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.''

<u>૮.૩</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૧૬ થી સાહેદ કિર્તીકાબેન કમલેશભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હુ હાલ ધોરણ ૧૨ મા છુ. આ કામના ફરીયાદી નબીબેન મારા દાદી છે. કમલેશભાઈ મારા પિતા છે. વૈશાલીબેન મારી બેન છે. રાજુભાઈ મારા ભાઈ છે. આરોપી લીલાબેન દિતાભાઈ તથા દિતાભાઈ કશનાભાઈને ઓળખુ છુ જેઓ મારા કુટુંબી થાય છે. બનાવ તા. ૧૨–૦૭–૨૨ ના રોજ અમારા ઘર આગળ સવારે ૧૦ વાગે બનેલ. આ કામના આરોપી લીલાબેન દિતાભાઈ નાઓ વાડ કરતા હતા જેથી નબીબેન નાઓએ આવ્યા જવાનો રસ્તો રાખવા માટે કીધેલુ, જેથી લીલાબેન ગાળો દેવા

લાગેલા અને તેના પિત દિતાભાઈ ઉશ્કેરાટમા આવી દોડી આવી મારી દાદીને છાતીના ભાગે પાટુ મારતા તે પડી ગયેલી. ત્યારબાદ બુમાબુમ થતા હુ અને વૈશાલીબેન આવી જતા દિતાભાઈએ, વૈશાલી ને કમર પર લાકડી મારેલ અને મને ને મોઢા પર ઝાપટ મારેલ. ત્યારબાદ રમણભાઈ આવી જતા તેમણે વધુ માર મારવાથી બચાવેલ. આરોપી ત્યાથી જતા રહેલ. ત્યારબાદ નબીબેનને સંદિપ મો.સા. પર સરકારી દવાખાને નવા ફળિયા લઈ ગયેલ. ત્યા પ્રાથમિક સારવાર આપેલી. ત્યારબાદ બીજે દિવસે ૧૦૮ મા દાહોદ ખાતે ઝાયડસ દવાખાને લઈ ગયેલ, હુ દવાખાને ગયેલ નહી, વૈશાલી ગયેલી. મને તાવ આવેલ તો મે ગોળી લીધેલ બનાવ બાબતે ફરીયાદ કોણે આપેલી તે મને ખબર નથી. બનાવ બાબતે પોલિસે મારો જવાબ લીધેલો. આરોપીઓને હુ ઓળખુ છુ.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''આ કામના આરોપીઓ મારા મોટા બાપા થતા હોય હુ બનાવ પહેલાથી ઓળખુ છુ. અમારા ફળિયામા આશરે ૧૦-૨૦ ઘર આવેલ છે. **બનાવ વખતે આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા**. પોલિસ આવેલી તે વખતે હુ, મારા માતા પિતા અને ભાઈ બેન ઘરે હતા. પોલિસે મારા પિતાને બનાવ વિશે પુછપરછ કરેલી. **પોલિસને મારો જવાબ મારા પિતા એ લખાવેલ**.''

<u>૮.૪</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૨૭ થી સાહેદ રમીલાબેન સંદીપભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હુ ધોરણ આઠ સુધી ભણેલ છુ. આ કામના સાહેદ બદલીબેન તથા સુશીલાબેન ને ઓળખું છું જે મારા કાકી થાય છે. તેમજ રમણ ભાઈ કોદરભાઈ મારા સસરા થાય છે. તેમજ લીલાબેન મારા મોટા બા થાય છે. આ કામના ફરીયાદી નબુબેન નાનજીભાઈ મારા દાદી સાસુ થાય છે. કમલેશભાઈ મારાકાકા થાય છે. કિર્તીકાબેન મારી નણંદ થાય છે. રાજુભાઈ મારા દીયર થાય છે. હું આરોપી લીલાબેન દિતાભાઈ તથા દિતાભાઈ કશનાભાઈને ઓળખુ છુ જેઓ મારા કુટુંબી થાય છે. બનાવ આશરે

એકાદ વર્ષ પહેલા મારા રહેવાના ઘર આગળ સવારે નવેક વાગે બનેલ. આ કામના આરોપી લીલાબેન દિતાભાઈ નાઓ વાડ કરતા હતા જેથી નબીબેન નાઓએ આવ્યા જવાનો રસ્તો રાખવા માટે કીધેલુ, જેથી લીલાબેન ગાળો દેવા લાગેલા અને દિતાભાઈ ઉશ્કેરાટમા આવી દોડી આવી મારી દાદીને છાતીના ભાગે પાટુ મારતા તે પડી ગયેલી. ત્યારબાદ બુમાબુમ થતા હુ અને કાર્તીકાબેન આવી જતા દિતાભાઈએ અમોને ગાળો બોલેલી. અને કિર્તિકા ને મોઢા પર ઝાપડ મારેલ. ત્યારબાદ રમણભાઈ આવી જતા તેમણે વધુ માર મારવાથી બચાવેલ. આરોપી ત્યાથી જતા રહેલ. ત્યારબાદ નબીબેનને સંદિપ મો.સા. પર સરકારી દવાખાને નવા ફળિયા લઈ ગયેલ. હું દવાખાને ગયેલ નથી. ત્યા પ્રાથમિક સારવાર આપેલી. બનાવ બાબતે પોલિસે મારો જવાબ લીધેલો તે યાદ નથી. આરોપીઓને હુ ઓળખુ છુ.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે આરોપીને બનાવ પહેલાથી ઓળખું છું. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ તથા ફરીયાદી બધા પોત પોતાની જમીન ખેડે છે. **એ વાત ખરી છે કે બનાવ બનચા બાદ હું બહાર નીકળેલ**. બનાવ બાબતે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી કે જવાબ લીધેલ નથી.''

<u>૮.૫</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૨૮ થી સાહેદ સંદીપભાઈ રમણભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હુ ધોરણ દસ સુધી ભણેલ છુ. આ કામના સાહેદ બદલીબેન તથા સુશીલાબેન ને ઓળખું છું જે મારા કાકી થાય છે. તેમજ રમણ ભાઈ કોદરભાઈ મારા પિતા થાય છે. તેમજ લીલાબેન મારા મોટા બા થાય છે. આ કામના ફરીયાદી નબુબેન નાનજીભાઈ મારા દાદી થાય છે. કમલેશભાઈ મારા કાકા થાય છે. કિર્તીકાબેન મારી બેન થાય છે. રાજુભાઈ મારે ભાઈ થાય છે. હું આરોપી લીલાબેન દિતાભાઈ તથા દિતાભાઈ કશનાભાઈને ઓળખુ છુ જેઓ મારા કુટુંબી થાય છે. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા મારા રહેવાના ઘર આગળ બપોર બનેલ. બનાવ સમયે હું ખેતર ગયેલ હતો

હું બનાવ બાદ ઘરે આવેલ.બનાવની જાણ મને મારી પતની રમીલાબેને કરેલ કે આ કામના આરોપી લીલાબેન દિતાભાઈ નાઓ વાડ કરતા હતા જેથી નબીબેન નાઓએ આવ્યા જવાનો રસ્તો રાખવા માટે કીધેલુ, જેથી લીલાબેન ગાળો દેવા લાગેલા અને દિતાભાઈ ઉશ્કેરાટમા આવી દોડી આવી મારી દાદીને છાતીના ભાગે પાટુ મારતા તે પડી ગયેલી. ત્યારબાદ બુમાબુમ થતા રમીલાબેન અને કાર્તીકાબેન આવી જતા દિતાભાઈએ અમોને ગાળો બોલેલી. અને કિર્તિકા ને મોઢા પર ઝાપડ મારેલ. ત્યારબાદ રમણભાઈ આવી જતા તેમણે વધુ માર મારવાથી બચાવેલ. આરોપી ત્યાથી જતા રહેલ. ત્યારબાદ નબીબેનને હું મો.સા. પર સરકારી દવાખાને નવા ફળિયા લઈ ગયેલ. ત્યા પ્રાથમિક સારવાર આપેલી.બનાવ બાબતે પોલીસ મારા ઘરે આવેલ અને બનાવ બાબતે પોલિસે મારો જવાબ લીધેલો. આરોપીઓને હુ ઓળખુ છુ.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''**એ વાત ખરી છે કે બનાવ સમયે હું ખેતરમાં હતો બનાવની જાણ મને મારા પત્ની રમીલાબેને કરેલી**. આરોપીને બનાવ પહેલાથી ઓળખું છું. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ તથા ફરીયાદી બધા પોત પોતાની જમીન ખેડે છે.''

<u>૮.૬</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૩૦ થી સાહેદ રાઠોડ રમણભાઈ કોદરભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''આ કામના ફરીયાદી નબીબેન મારા કાકી થાય છે. હું અભણ છું. બદલીબેન મારા કાકી થાય છે. સુશીલાબેન મારી વહુ થાય છે. રમીલાબેન મારા દીકરા સંદીપની વહુ થાય છે. લીલાબેન મારા મોટા બાપાના દીકરાની વહુ થાય છે.બનાવ સમયે હું મારા ઘરના આંગણામાં હતો. બનાવ સમયે નબુબને તથા લીલાબેનને બોલાચાલી થયેલી. આ બોલાચાલી થતા દીતા કસના રાઠોડ ઘરમાંથી બહાર આવેલ અને નબુબેનને પાટુ કમરના ભાગે મારતા નબુબેન પડી ગયેલા. ત્યાર બાદ ડાંગ લઈને મારવા આવેલ. એ સમયે રાજુભાઈ તથા તેમની બે છોકરીઓ છોડાવવા વચ્ચે પઢડતા તેને પણ ડાંગ મારેલી. આ મારા મારીનું

કારણ એ હતી કે નબુબેન શેઢા પર કાટની વાડ બનાવતા હતા અને એ વાડ કરવા બાબતે અને રસ્તો રાખવા બાબતે આ બોલાચાલી થયેલી ત્યાર બાદ બુમાબુમ થતા ઘણા લોકો ભેગા થયેલા અને આરોપી દીતાભાઈ ત્યાંથી જતા રહેલો ત્યાર બાદ નબુબેનને વાગેલ હોઈ કોઈએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવતા નબુબેન, રાજુભાઈ તથા તેમની બે છોકરીઓને ગરબાડા સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાર બાદ વધુ સારવાર માટે દાહોદ લઈ ગયેલા. હું હોસ્પીટલ ગયેલ નથી. ફરીયાદ લખાવ્યા બાદ પોલીસ આવેલી. બનાવ વિશે મારી પુછપરછ કરેલી. આરોપીઓ અમારા કુંટુંબી હોય બનાવ પહલાથી ઓળખું છું.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે આરોપીઓ કુંટુંબી થતા હોઈ બનાવ પહેલાથી ઓળખું છું. એ વાત ખરી છે કે દીતાભાઈ એમની જમીનમા વાડ કરતા હતા. આ જમીનમાં પાકો રસ્તો નથી. એ વાત ખરી નથી કે બનાવ વખતે હું ઘરે હતો. એ વાત ખરી છે કે મારા જવાબમાં મે તથા રમીલાએ દોડી આવી છોડાવેલા તેવું લખાવેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓને નાત બહાર કરેલ હોય તેમની જોડે બોલચાલ ના સબંધો નથી. પોલીસે મારો જવાબ લીધેલો. તારીખ યાદ નથી. એ વાત ખરી નથી કે આવો બનાવ બનેલ ન હોવ છતા ખોટી જુબાની આપુ છું.''

<u>૮.૭</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૩૧ થી સાહેદ રાઠોડ સુશીલાબેન રમેશભાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું ધોરણ દસ પાસ છું. કામના ફરીયાદી નબીબેન મારા કાકી થાય છે બદલીબેન મારા ાભભી થાય છે. રમીલાબેન મારા જેઠના દીકરા સંદીપની વહુ થાય છે. આરોપી લીલાબેન મારા કાકી થાય છે. અને દીતાભાઈ મારા કાકા થાય છે. બનાવ આશરે બે વર્ષ પહેલા સવારના સમયે લગભગ સાતેક વાગ્યાના સમયે બનેલો. બનાવ સમયે હું મઘરમાં અમારું કામ કરતા હતા. બનાવ સમયે બુમાબુમ થતા અમે બહાર નીકળેલા.તે વખતે નબીબેનને મારા કાકા સસરા દીતાભાઈ પાટુ મારેલ હતું.એ સિવાય

નબીબેનને બચાવવા વતા વૈશાલીબેન ને થાપડ મારેલી. ત્યાર બાદ બુમાબુમ થતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા અને આરોપી જતા રહેલા. બનાવ બાદ નબીબેન અને વૈશાલીબેનને ૧૦૮ માં ગરબાડા ખાતે દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી દાહોદ ખાતે દવાખાને લઈ ગયેલા. હું દવાખાને ગયેલ નથી. પોલીસ બીજા દીવસે અમારા ઘરે આવેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપી અમારા કુંટુંબી થતા હોઈ બનાવ આગળથી ઓળખું છું.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે આરોપીઓ કુંટુંબી થતા હોઈ બનાવ પહેલાથી ઓળખું છું. **એ વાત ખરી છે કે બનાવ સમયે ઘરે હતા અને બુમાબુમ થતા અમે ગયેલા**. સવારે છ સાત વાગે બનાવ બનેલ પછી બનાવ બન્યો નથી. પોલીસે બીજા દીવસે જવાબ લીધેલ નહી. **એ વાત ખરી છે કે, બનનાવ બનતા નજરે જોયેલ નથી**. એ વાત ખરી નથી કે આવો બનાવ બનેલ ન હોવા છતાં ખોટી જુબાની આપુ છું.''

<u>૮.૮</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૩૨ થી સાહેદ રાઠોડ કમલેશભાઈ નાનજીભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું ધોરણ છ સુધી ભણેલ છું. કામના ફરીયાદી નબીબેન મારા મા થાય છે બદલીબેન મારા કાકી થાય છે. રમીલાબેન મારા જેઠના દીકરા સંદીપની વહુ થાય છે. આરોપી લીલાબેન મારા ભાભી થાય છે. અને દીતાભાઈ કૌટુંબિક ભાઈ થાય છે. બનાવ નો ચોકકસ સમય મને યાદ નથી. બનાવ સમયે હું તથા મારી પત્ની કાળીબેન મોરબી મુકામે ટાઈલ્સની કંપનીમાં મજુરી કામે ગયેલા. બનાવની જાણ માર દીકરા રાજુભાઈએ મને ફોન થી કરેલી કે દીતાબેન અને લીલાબેન નાઓએ નબુબેનની સાથે ઝઘડો કરેલ છે જેથી હું બીજે દીવસે મોરબી થી ઘરે આવેલો. ત્યાર બાદ બનાવની ફરીયાદ મારી મા નબુબેને આપેલી. પોલીસ બે ત્રણ દીવસ બાદ મારા ઘરે આવેલી. અને મારી પુછપરછ કરેલી. આરોપી અમારા કુંટુંબી થતા હોઈ બનાવ આગળથી ઓળખું છું.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''**એ**

**વાત ખરી છે કે બનાવ સમયે હું મજુરીકામે હતો. એ વાત ખરી છે કે બનાવ બનતા નજરે જોયેલ**''

<u>૮.૯</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૩૩ થી સાહેદ રાઠોડ કાળીબેન કમલેશભાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું અભણ છું. કામના ફરીયાદી નબીબેન મારા સાસુ થાય છે બદલીબેન મારા જેઠાણી થાય છે. રમીલાબેન મારા જેઠના દીકરા સંદીપની વહુ થાય છે. આરોપી લીલાબેન મારા ભાભી થાય છે. અને દીતાભાઈ કૌટુંબિક ભાઈ થાય છે. બનાવ નો ચોકકસ સમય મને યાદ નથી. બનાવ સમયે હું તથા મારી પતિ મોરબી મુકામે ટાઈલ્સની કંપનીમાં મજુરી કામે ગયેલા. બનાવની જાણ મારા દીકરા રાજુભાઈએ મારા પતિને ફોન થી કરેલી કે દીતાબેન અને લીલાબેન નાઓએ નબુબેનની સાથે ઝઘડો કરેલ છે જેથી હું અને મારા પતી બીજે દીવસે મોરબી થી ઘરે આવેલો. ત્યાર બાદ બનાવની ફરીયાદ મારી સાસુ નબુબેને આપેલી. પોલીસ બે ત્રણ દીવસ બાદ મારા ઘરે આવેલી. અને મારી પુછપરછ કરેલી. આરોપી અમારા કુંટુંબી થતા હોઈ બનાવ આગળથી ઓળખું છું.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, '' **એ વાત ખરી છે કે બનાવ સમયે હું મજુરીકામે હતી. એ વાત ખરી છે કે બનાવ બનતા નજરે જોયેલ**''

<u>૮.૧૦</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૩૮ થી ડૉ. ધર્મેન્દ્રકુમાર સુરેશચંદ્ર અગ્રવાલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું તા. ૧૩/૭/૨૦૨૨ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે જનરલ હોસ્પીટલ દાહોદ ખાતે મારી ફરજ પર હતો ત્યારે દર્દી નબુબેન નાનજીભાઈ રાઠોડ, ઉ.વ. ૬૫ નાઓ અમારી હોસ્પીટલમાં સી.એચ.સી ગરબાડા ખાતેથી પ્રાથમિક સારવાર લઈ આવેલા હતા તેની હીસ્ટરી પુછતા તેમણે જણાવેલ તેઓને તા.૧૨/૭/૨૦૨૨ ના રોજ સાંજના ગરબાડા સીએચસીમાંથી સારવાર લઈ ઘરે જતા રહેલા. દર્દીના જણાવ્યા મુજબ તેમને છાતીમાં લાત મારતા પડી જવાથી માથામાં અને પેટમાં

દુખાવાની ફરીયાદ જણાવેલ. મે તેમને તપાસતા તેમને નીચે મુજબની ઈજા જણાયેલ. તેમને તપાસતા કોઈ દેખીતી ઈજા જણાયેલ નહી. મે તેમના પેટની સોનોગ્રાફી તેમજ મગજનો સી.ટી. સ્કેન કરાવેલ. જેનો રીપોર્ટ સામાન્ય હતો. તેઆને તા.૧૩/૭/૨૦૨૨ થી તા.૨૧/૭/૨૦૨૨ સુધી અંદરના દર્દી તરીકે સારવાર આપેલ. મે તમેને તા.૨૧/૭/૨૨ ના રોજ સારવાર સર્ટીફીકેટ આપેલ જે મારા હસ્તાક્ષરમાં છે તેથા તેમાં નીચે મારી સહી તથા હોદદાનું સીલ છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક:૩૯ આપવામાં આવે છે.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે દર્દી પોલીસ યાદી વગર આવેલા. એ વાત ખરી છે કે દર્દી સભાન અવસ્થામાં હતો. **એ વાત ખરી છે કે દર્દીએ મારનારનું નામ હીસ્ટરીમાં લખાવેલ નહી**. એ વાત ખરી છે કે આવી ઈજાઓ કાલ્પનીક પણ હોઈ શકે.''

<u>**૮.૧૧**</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૪૨ થી સાહેદ રાઠોડ બદલીબેન નવલસિંહને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું નબુબેનને ઓળખુ છુ જે અમારા કાકી થાય છે તથા કમલેશભાઈ અને રાજુભાઈને ઓળખુ છુ જે નબુબેનના દીકરાનો દીકરો થાય છે. તથા વૈશાલીબેન અને કાર્તીકાબેનને ઓળખુ છુ જે નબુબેન ના દીકરાના દીકરી થાય છે. હું આરોપી લીલાબેન દીતાભાઈ તથા દીતાભાઈ કસનાભાઈને ઓળખુ છું. બનાવ આશરે બે વર્ષ પહેલા નવાગામ પટેલ ફળીયામાં બનેલ હતો. એ વખતે હું રમણભાઈના ઘરે હાજર હતી. એ વખતે નબુબેનની લીલાબેન જોડે બોલાચાલી થયેલી અને ત્યારબાદ મારા મારી કરવા લાગેલા. દીતાભાઈ કસનાભાઈએ લાકડી વડે નબુબેનને તેમના છોકરા રાજુભાઈ, વૈશાલીબેન વગેરે નાઓને માર મારેલ. આ બનાવનું કારણ એવુ હતુ કે લીલાબેન ખેતરના શેઢે વાડ કરતા હતા અને નબુબેને આવવા જવાના રસ્તા બાબતે લીલાબેનને કહેતા લીલાબેન ઉશ્કેરાઈ ગયેલા અને સદર બનાવ બનેલ. ત્યાર બાદ બનાવમાં ઈજા થતા નબુબેનને ખાનગી બાઈક પર ગરબાડા સરકારી

દવાખાને લઈ જઈ સારવાર કરાવેલી. હું દવાખાને ગયેલ નહી. બનાવ બાદ પોલીસ આવેલી. પોલીસે મારી પુછપરછ કરેલી.હું આરોપીઓને હુ ઓળખુ છુ.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે આરોપીને બનાવ પહેલાથી ઓળખું છું. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ તથા ફરીયાદી બધા પોત પોતાની જમીન ખેડે છે. **એ વાત ખરી છે કે બનાવ વખતે હું રમણભાઈના ઘરે હતી**. આરોપીઓ સાથે અમારે બોલચાલના સબંધો નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ નહી.''

<u>૮.૧૨</u> ફરીયાદપક્ષ તર્ફે આંક:૪૩ થી ત.ક.અ. દશરથસિંહ સરદારસિંહ ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''તા.18/7/2022 ના રોજ હું ગરબાડા પો.સ્ટે. માં એ.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી નબુબેન નાનજીભાઈ રાઠોડ નાઓએ તા.૧૮/૭/૨૨ ના રોજ ઝાયડસ હોસ્પીટલ દાહોદ ખાતે જઈ ફરીયાદીને પુછતા તેમણે બનાવની હકીકત જણાવેલ કે ગઈ તા.૧૨/૭/૨૨ ના કલાકના ૧૦/ ૦૦ વાગે આ કામના આરોપી લીલાબેન દીતાભાઈ રાઠોડ શેઢા પર વાડ કરતી હતી જેથી અમોએ શેઢા પર માણસોને આવવા જવાનો રસ્તો રાખવા કહેતા આ બધી જમીન મારી છે અને હું લઈ લઈશ એમ કહી ગાળા ગાળી કરવા લાગેલા. લીલાબેનના પતિ કસના દીતાનાઓએ મને છાતીના ભાગે લાત મારેલી અને જમીન પર પાડી દીધેલ તેમજ કમરના ભાગે ઈજા કરેલ તે દરમ્યાન કાર્તીકાબેન અને વૈશાલીબેન બચાવવા આવતા કાર્તીકાબેનને ગાલ પર થપ્પડ મારી તેમજ વૈશાલીબેનને બરડા પર લાકડી મારી જાનથી મારી નાખવાની ફરીયાદ અમારા રુબરુ આપતા સદર ફરીયાદ પીએસઓ શ્રી પ્રવીણસિંહ માનસિહ નાઓએ ફરીયાદ મુજબનો ગુનો ગરબાડા પો.સ્ટે. માં ૧૬૫/૨૨, ઈપીકો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ નો દાખલ કરી આગળની તપાસ અમારી તરફ મોકલી આપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે અમોએ તા.

૧૯/૭/૨૨ ના કલાકના ૧૦/૩૫ થી ૧૧/૦૦ દરમ્યાન ગુના વાળી જગ્યાનું પંચનામું પંચો રુબરુ કરેલ જેમાં પંચો તથા મારી સહી છે જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક...આપવામાં આવે છે. તપાસના કામે અમોએ તા. ૨૯/૭/૨૨ ના કલાકના ૨૩/૧૫ થી ૨૩/૩૫ દરમ્યાન આરોપીની શરીર સ્થીતી તેમજ મુદામાલ કબજે કર્યાનું પંચનામું પંચો રુબરુ કરેલ જેમાં પંચો તથા મારી સહી છે જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક આપવામાં આવે છે. તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલા. તેમજ તપાસના કામે આરોપી લીલાબેન દીતાભાઈ રાઠોડ ને તા. ૩૦/૭/૨૨ ના કલાક ૧૧/૩૫ વાગે અટક કરેલ તથા દીતાભાઈ કસનાભાઈ રાઠોડ નાઓને તા. ૨૯/૭/૨૨ ના કલાક ૨૨/૩૫ વાગે અટક કરી જામીનમુકત કરેલ. સદર કામે ઈજા પામનાર નબુબેન નાઓનું મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ જે હું આજરોજ મારી સાથે લાવેલ છું. જે હાલના કામે રજુ દાખલ આંક. M તથા 2. આપવામાં આવે છે. સદર તપાસના કામે હાલના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખું છું.'' <u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''હું ગરબાડા પો.સ્ટે. માં પાંચ વર્ષ થી ફરજ બજાવતો હોઈ આજુબાજુના વિસ્તાર થી પરીચીત છું. આરોપી અને ફરીયાદી એક જ કુટુંબના હોવાનું મારી તપાસમાં ખુલેલ. **એ વાત ખરી છે કે ફરીયાદી અને આરોપી વચ્ચે જમીન બાબતે તકરાર ચાલે છે.** એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાની આજુબાજુ રહેણાંક મકાન આવેલ છે. એ વાત ખરી નથી કે સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે પંચનામામાં પાછળથી તૈયાર કરી પંચોની સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

**<u>૮.૧૩</u>** ફરીયાદપક્ષ તર્ફે આંક:૫૯ થી સાહેદ રાજુભાઈ કમલેશભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''આ કામના ફરીયાદી મારા

દાદા થાય છે અને બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો બનાવના દીવસે મારી બે બહેનો અને દાદી અમારા ઘરે હતા ત્યારે સવારના સાડા નવ દસ વાગ્યાની આજુબાજુ મારી મોટી મમ્મી કે જે દીતાભાઈની પત્ની થતા હોય તે આવેલા અને મારા દાદી સાથે ગાળા ગાળી કરતા હતા અને મારા મોટી મમ્મી લોકોના અવર જવરના રસ્તા પર વાડ બાધતા હતા તે કારણે મારા દાદી તેમને તે વાડ ન કરવાનું જણાવતા મારા મોટા મમ્મી ગાળા ગાળી બોલતા હતા દરમ્યાન મારા મોટા પપ્પા દીતાભાઈ ડાંગ લઈ અચાનક આવી ગયેલા અને મારા દાદીને લાત મારી પાડી દીધેલા અને મને લગભગ જમણા હાથે ડાંગ મારેલી અને મારી બહેનને વૈશાલીબેનને કમરના ભાગે ડાંગથી મારેલ અને મારા દાદીને લાતે અને લાતે મારેલા અને મારા કાકા રમણભાઈએ આવીને બધાને છુટા પાડેલા અને મારા દાદીને છાતીમાં ઈજાઓ થવાથી ઝાયડસ હોસ્પીટલમાં લઈ ગયેલા હતા અને ત્યાં દસ દીવસ સુધી રાખેલ હતા. મને અને મારી બહેનને બીજા કોઈને દાખલ કરેલ નહી. પોલીસે મારો દવાખાનેથી આવ્યા બાદ જવાબ લીધેલો.''

<u>સાહેદ આરોપી પક્ષ તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે</u>, ''એ વાત ખરી છે કે આરોપીઓ માર કુંટુબી થતા હોવાથી હું તેમને પહેલેથી ઓળખુ છું. એ વાત મને હાલ યાદ નથી કે મે મારા પોલીસ રુબરુના જવાબમાં એવુ લખાવેલ છે કે અમારા ઘરે આવી મારી મોટી મમ્મી ગાળા ગાળા કરેલી. એ વાત ખરી છે કે મને જમણા પગે મારેલ અને વૈશાલી બેનને કમરના ભાગે મારેલ તેવું મારા પોલીસ જવાબમાં લખેલ નથી. એ વાત ખરી છે કે અમારે દીતાભાઈ સાથે બનાવ પહેલાથી બોલચાલના સબંધ નથી. એ વાત ખરી છે કે મારા મોટા મમ્મી જે શેઢે વાડ કરતા હતા તે વાડ અડીને આરોપીઓનું ખેતર આવેલ છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈપણ પોતાની જમીનને સુરક્ષિત કરવા વાડ કરે. અમારું ઘર અને આરોપીનું ખેતર તે આશરે દસ પંદર મીટર જ દુર હશે.એ વાત ખરી છે કે લીલાબેન વાડ કરતા હતા ત્યારે અમે તેમને વાડ ન કરવા કહેવા ગયેલા. એ વાત ખરી છે કે તે સમયે બુમાબુમ થતા ઘણાબધા માણસો ભેગા થઈ

ગયેલા. એ વાત ખરી નથી કે નબુબેનને પડી જવાથી વાગેલ. એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહી. એ વાત ખરી નથી કે કૌટુબિક અદાવત રાખી હાલની ફરીયાદ મારી દાદીએ કરેલ છે તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છું.''

**<u>૮.૧૪</u>** ફરીયાદપક્ષ તર્ફે આંક:૪૯ થી પંચ રેવલાભાઇ મલીયાભાઇ ભાભોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ આંક:૫૦ વાળા શરીર સ્થિતિ તથા મુદામાલ રીકવરીનાં પંચનામાનાં પંચસાહેદ છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં *પંચનામાની હકિકતોને લેશમાન સમર્થન કોર્ટ રૂબરૂની જુબાનીમાં આપતા ન હોઈ, વિ. એ.પી.પી. શ્રી દ્વારા ભારતીયા પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શક્યા તેવા પ્રશ્નો પુછવા છતાં સમર્થન કરતા નથી.* સદર પંચસાહેદની આરોપી પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>૮.૧૫</u>** ફરીયાદપક્ષ તર્ફે આંક:૫૧ થી પંચ અનીલભાઇ છત્રસિંહ રાઠોડ તેમજ આંક:૫૩ થી પંચ રામસીંહભાઇ પરથીભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ આંક:૫૨ વાળા ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચસાહેદો છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં *પંચનામાની હકિકતોને લેશમાન સમર્થન કોર્ટ રૂબરૂની જુબાનીમાં આપતા ન હોઈ, વિ. એ.પી.પી. શ્રી દ્વારા ભારતીયા પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શક્યા તેવા પ્રશ્નો પુછવા છતાં સમર્થન કરતા નથી.* સદર પંચસાહેદની આરોપી પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯) હાલના કામે જોવામા આવે તો, ફરીયાદીની જુબાની મુજબ આરોપીઓ તેમના કુટુંબના સભ્યો છે, જેથી ઓળખ અંગે કોઇ તકરાર નથી, નજરે જોનાર સાહેદ તેમજ ઇજા પામનાર સાહેદો જેવા કે ફરીયાદી નબીબેન આંક ૧૧ થી, વૈશાલીબેન આંક ૧૫ થી, કિર્તિકાબેન આંક.૧૬ થી બનાવને સંપુર્ણ સમર્થન આપે છે. તેમજ આંક ૨૭ થી સાહેદ રમીલાબેન તેમના ઘરના સભ્ય છે. અને ઉલટ

તપાસ દરમ્યાન કબુલ કરેલ છે કે, બનાવ બન્યા બાદ તઓ બહાર નીકળેલ ત્યારબાદ, આંક.૨૮ ના સાહેદ સંદીપભાઈ હિયર્સે સાહેદ છે. આંક ૩૧ ના સાહેદ સુશીલાબેન પણ ઉલત તપાસ દરમ્યાન કબુલ કરેલ છે કે બનાવ બનતા તેઓએ નજરે જોયેલ નથી. આંક. ૩૨ ના સાહેદ કમલેશભાઈ પણ બનાવ સમયે મોરબી મુકામે હોવાનુ કબુલ કરેલ છે.આંક. ૩૦ના સાહેદ નજરે જોનાર સાહેદ છે પરંતુ તેઓ ફરીયાદીને કમરના ભાગે પાટુ મારેલ હોવાનુ જનાવે છે, જ્યારે ફરીયાદી પોતે તે છાતીમા મારેલ હોવાનુ જનાવે છે. વધુમાં તે બીજા ઈજા પામનાર વૈશાલીબેન આને કિર્તીકાબેનને પણ ક્યા મારેલ તે જણાવતા નથી. વધુમાં ઉલટ તપાસ દરમ્યાન સાહેદ કબુલ કરેલ છેકે, આરોપીઓને નાત બહાર કરેલ હોવાથી તેઓ સાથે બોલચાલના સંબંધ નથી. વધુમાં સદર સાહેદ ઈજા પામનાર નબીબેનને પોતાના કાકી જણાવે છે આમ,સદર સાહેદની વિશ્વાસનીયતા પર શંકા ઉદ્ભવે છે. જયારે આંક. ૩૩ ના સાહેદ કાળીબેન પણ બનાવ સમયે મજુરીએ હતા તેમ જણાવેલ છે. આંક ૪૨ ના સાહેદ બદલીબેન રમણભાઈના ઘરે હોવાનુ કબુલ કરે છે આમ, બનાવ નજરે જોયેલ જણાઈ આવતુ નથી. આમ, તમામ સાહેદોની જુબાની મુજબ નજરે જોનાર ફક્ત ફરીયાદી અને તેમના કુટુંબના સભ્યો જ છે. અને આરોપીઓને નાત બહાર પણ કાઢેલા છે. જેથી, ગામના બીજા માણસોનો તેઓ સાથે દ્વેશભાવ હોવુ સ્વભાવીક બાબત છે. અને મહત્વ ની બાબત એ છેકે,આ કામના ફરીયાદીએ તેની ફરીયાદ બનાવ બન્યાના છ (૬) દિવસ બાદ આપવામાં આવેલ છે. ફરીયાદીએ તા.૧૮/૦૭/૨૦૨૨ ના રોજ આ કામની ફરીયાદ આપેલ છે, જ્યારે સદર ગુન્હાનો બનાવ તા.૧૨/૦૭/૨૦૨૨ ના રોજ બનેલ છે. આમ, ફરીયાદીએ પોતાની ફરીયાદ ૬ (૬) દિવસ લેઈટ આપવા બદલ કોઈ વાજબી ખુલાસો આપેલ નથી. ત્યારે ફરીયાદ કરવામાં જે લાંબો વિલંબ થયેલ છે, તે પણ ફરીયાદ પક્ષના કેસ પર શંકા પ્રેરે છે અને તે ખુલાસા વગરનો લાંબો વિલંબ ફરીયાદ પક્ષના કેસ માટે ઘાતક ગણાય. આ કોર્ટનાં ઉપરોકત તારણને નામદાર સુપ્રિમ કોર્ટનાં ***2011(1) GLR 894,***

***'KISHAN SINGH (DEAD) THROUGH L.RS. V. GURPAL SINGH AND ORS.'*** નાં ચૂકાદામાં મોડી ફરીયાદ અંગે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત પરથી પણ સમર્થન મળે છે, તે ચૂકાદો જોવામાં આવે તો તેમા મોડી એફ. આઈ. આર. સંદર્ભે નીચે મુજબ ઠરાવેલ છે.

**<u>Para 21.</u>** *Prompt and early reporting of the occurrence by the informant with all its vivid details gives an assurance regarding truth of its version. In case, there is some delay in filing the F.I.R., the complainant must give explanation for the same. Undoubtedly, delay in lodging the F.I.R. does not make the complainant's case improbable when such delay is properly explained. However, deliberate delay in lodging the complaint is always fatal. (Vide : Sahib Singh v. State of Haryana, AIR 1997 SC 3247 : 1997 (7) SCC 231).*

**<u>Para-22.</u>** *In cases where there is a delay in lodging a F.I.R., the Court has to look for a plausible explanation for such delay. In absence of such an explanation, the delay may be fatal. The reason for quashing such proceedings may not be merely that the allegations were an after-thought or had given a coloured version of events. In such cases, the Court should carefully examine the facts before it for the reason that a frustrated litigant who failed to succeed before the Civil Court may initiate criminal proceedings just to harass the other side with mala fide intentions or the ulterior motive of wreaking vengeance on the other party. Chagrined and frustrated litigants should not be permitted to give vent to their frustrations by cheaply invoking the jurisdiction of the Criminal Court. The Court proceedings ought not to be permitted to degenerate into a weapon of harassment and persecution. In such a case, where a F.I.R. is lodged clearly with a view to spite the other party because of a private and personal grudge and to enmesh the other party in long and arduous criminal proceedings, the Court may take a view that it amounts to an abuse of the process of law in the facts and circumstances of the case. [Vide : Chandrapal Singh v. Maharaj Singh, 1982 (1) SCC 466 : AIR 1982 SC 1238; State of Haryana v. Bhajan Lal, 1992 Supp (1) SCC 335 : AIR 1992 SC 604; G. Sagar Suri v. State of U.P., 2000 (2) SCC 636 : AIR 2000 SC 754; and Gorige Pentaiah v. State of A.P., 2008 (12) SCC 531].*

ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો આ કામના ફરીયાદી લાંબા સમયથી મળી આવતા નથી, તેથી ફરીયાદ પક્ષ ફરીયાદીનો પુરાવો રજુ રાખી શકેલ નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે એક પણ નજરે જોનાર સાહેદનો પુરાવો રજુ રાખેલ નથી. પંચસાહેદો પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. તપાસ કરનાર અધિકારીનાં પુરાવાને પંચસાહેદો

કે સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી અને મેડીકલ ઓફીસરનાં પુરાવાથી આ કામના આરોપીઓએ ફરીયાદ હકિકત મુજબનું કોઈ ગુન્હાહિત કૃત્ય કરેલાનું જણાઈ આવતું નથી. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતા ફરીયાદ પક્ષના પુરાવામાં વિરોધાભાષી હકિકતો ઉત્પન્ન થતી હોઈ, સાહેદોની જુબાનીમાં સચ્ચાઈ અને વિશ્વસનીયતા જણાતી નથી અને તેઓની જુબાનીમાં શંકા ઉત્પન્ન થયેલ છે અને તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૦) ઉપરોકત તમામ હકિકત ધ્યાને લેતા સાહેદોએ પોતાની જુબાનીમાં એકબીજાથી વિરોધાભાષી હકિકત જણાવેલ છે. જેથી ચોકસ બનાવ કેવી રીતે બનેલ છે અને આરોપીઓ એ ચોક્કસ કયા હથીયારથી માર મારેલ છે, તે સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવતુ નથી અને તે બાબતમાં ડિસ્કીપેન્સી રહેલ છે અને જેના કારણે સાહેદોની જવાનીમાં વિશ્વસનીયતા ઉત્પન્ન થતી નથી અને બનાવ બન્યાની બાબતની હકિકત શંકાજનક બનેલ છે. જેથી આવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. **૧૯૯૭(૧) જી.સી.ડી. પેજ નં.૮, ગુજરાત, રાયસીંગ લાલસીંગ દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદ પક્ષના કેસમાં મહત્વનો વિરોધાભાષ રહેલ હોય અને ફરીયાદી સાહેદો જણાવતા હોય તેવો બનાવ ડાઉટફુલ જણાતો હોય તો તેવા સંજોગોમાં આરોપીને **બેનીફીટ ઓફ ડાઉટ** મળે. સદર ચૂકાદામાં પણ જણાવેલ છે કે, સાહેદોની જુબાનીમાં જ્યારે મહત્વનો વિરોધાભાષ રહેલ હોય ત્યારે તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને સજા કરી શકાય નહીં. ફરીયાદ પક્ષની એ જવાબદારી છે કે, સચોટ, સાચો અને વિશ્વસનીય પુરાવો રજુ કરવો જોઈએ. ફોજદારી જયરીસ્પુન્ડન્સનો પાયાનો સિધ્ધાંત ધ્યાનમાં લેવામાં આવે તો ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવો જોઈએ અને તે પણ સચોટ અને વિશ્વસનીય પુરાવાથી અને ફરીયાદ પક્ષના પુરાવામાં થોડી પણ વિશ્વસનીયતા ઘટે કે તેમાં શંકાને સ્થાન રહેલ

હોય તો તેનો લાભ અવશ્યપણે આરોપીને આપી શકાય. હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષનો પુરાવો અને ફરીયાદ વચ્ચે મહત્વનો વિરઘાભાષ રહેલ છે તેમજ ફરીયાદી અને સાહેદોએ જે રીતે બનાવ સંબંધે હકિકતો જણાવેલ છે અને ફરીયાદીને જે હથીયાર વડે ઈજાઓ થયેલ છે, તે સંબંધે મહત્વનો વિરોધાભાષ રહેલ છે. જેથી ફરીયાદી અને સાહેદોની જુબાનમાં વિશ્વસનીયતા ઘટી ગયેલ છે અને તેઓની જુબાની શંકાજનક બનેલ છે અને આવા શંકાજનક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૧) વધુમાં ફરીયાદી સાહેદોએ પોતાની જુબાનીમાં આરોપીઓએ ગાળો આપેલ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આરોપીઓએ શું ગાળો આપેલ તે હકીકત રેકર્ડ પર આવેલ નથી તેમજ હાલમાં ફરીયાદી તેમજ આરોપી સદર બનાવ બન્યા બાદ અન્ય કોઈ બનાવ બનેલ ન હોઈ, પોતાની સામાન્ય જીંદગી જીવે છે. તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **એ. બી. વાટલીયા, પી. એસ. આઈ. વિ, સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય**નાં કેસમાં આપેલ ચૂકાદો **૨૦૧૧ વોલ્યુમ કલમ–૩૧, જી. એલ. આર. પાના નં.૨૫૫૭** ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તેમાં ઠરાવેલ છે કે, જયારે આરોપીઓ સામે ઈ. પી. કોડની કલમ–૫૦૪ નું તહોમત હોય ત્યારે ફરીયાદ પક્ષે આરોપીએ શાંતિ જોખમાય તેવું હેતુપૂર્વકનું અપમાન કર્યુ હતું તેમજ ફરીયાદીએ ફરીયાદમાં તેમજ કોર્ટ સમક્ષનાં પુરાવામાં ચોકકસ કયા આરોપીએ ઉચ્ચારેલા તે રેકર્ડ પર લાવવા જરૂરી છે. કારણ કે, જો આવા શબ્દો રેકર્ડ ઉપર હોય તો જ અદાલત આરોપીઓ ધ્વારા બોલાયેલા તે શબ્દો ઈરાદાપૂર્વક અપમાનીત કરવાના ઈરાદાથી અને શાંતિનો ભંગ થાય તથા ફરીયાદી ઉશ્કેરાઈ જાય તેવા હેતુથી બોલેલા હતા, તેનો નિર્ણય થઈ શકે. જો ફરીયાદ પક્ષ દ્વારા આવા ચોકકસ શબ્દો રેકર્ડ ઉપર લાવવામાં ન આવે તો આરોપી વિરુધ્ધ ઈ. પી. કોડની કલમ–૫૦૪ મુજબનો ગુનો માની શકાય નહી.

(૧૨) ફરીયાદમાં આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ છે, પરંતુ જાનથી મારી નાખવાની ધમકી એ

મૌખિક આક્ષેપ છે અને તે ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવો જરૂરી છે, જે ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ નથી. ત્યારે ભારતીય દંડ સહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત કે નાસાબીત માનવા અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે **૨૦૦૨ (૧) જી,એલ.એચ. (યુ.જે.)૪ : મુન્સાફખાન યાસીનખાન પઠાણ અને બીજાઓ વિ. ગુજરાત રાજ્ય**નાં ચૂકાદામાં તેમજ નામદાર ઓરીસ્સા હાઈકોર્ટ **૧૯૯૫, ક્રિ. લો. જર્નલ ૩૫૫૯ ઓરીસ્સા, અમુલ્યાકુમાર બહેરા વિ. નબાઘના ઉર્ફે નબીના અને બીજાઓ** વિ.માં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરીયાદ પક્ષનાં પુરાવાથી ફરીયાદીને આરોપી દ્વારા સતત ભયમાં રહેલ હોય કે ફરીયાદીના મનમાં ભયન ઘંટી બજતી હોય તેવું નિ:શંકપણે સાબિત થતું નથી. ત્યારે આવા ભય અને ડરની સતત ગેરહાજરી હોવાથી ફરીયાદ પક્ષનો કેસ સાબિત માની શકાય નહીં અને ઉપરોકત બંને ચૂકાદાઓનાં સિધ્ધાંત અને પ્રસ્તુત કેસની હકિકત જોતાં આ કામના ફરીયાદ પક્ષ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) નાં તત્વો સાબિત કરી શકેલ નથી.

(૧૩) જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના સજાને પાત્ર ગુના સંબંધે ફરીયાદ પક્ષના પુરાવાની વિશેષ ચર્ચા કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર બ્રોમ્બે હાઈકોર્ટના ચૂકાદામાં પ્રસ્થાણિત કરવામાં આવેલ સિદ્ધાંતોને જોવા જરૂરી જણાય છે. નામદાર સુપ્રિમ કોર્ટે **બાઈ શાંતા વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા (૨૦૦૧)(૧), જી. એલ. આર. પાના નં.૨૭૩ તથા નામદાર મુંબઈ હાઈકોર્ટે સ્ટેટ ઓફ બોમ્બે વિરુધ્ધ અજીજખાન (એ. આઈ. આર. ૧૯૫૬, બોમ્બે ૬૮૦)** નાં ચૂકાદામાં પ્રસ્થાપિત કુરેલ છે કે, "જાહેરનામુ" એટલે માત્ર કલેકટર કચેરી કે સરકારી કચેરીમાંથી ગેઝેટમાં પ્રસિદ્ધ થાય તે નહીં, પરંતુ એવી પ્રસિધ્ધી સામાન્ય જનમાનસની જાણમાં આવે તે રીતે તેની પ્રસિધ્ધી થવી જરૂરી છે અને તો જ તેને જાહેરનામાની વ્યાખ્યામાં મુકી શકાય. જાહેરનામાની નકલ અદાલતમાં રજૂ કરવા માત્રથી જાહેરનામું અસ્તિત્વમાં હતું તેવું માની શકાય નહીં. પરંતુ તેની યોગ્ય પ્રસિદ્ધી (Promolgation) થયેલું ગણી શકાય નહીં. હાથ ઉપરનાં

કેસમાં બનાવ સમયે આ કામના આરોપીએ વાંસની લાકડી ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રીનાં હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે, તેવી હકિકતનાં સમર્થનમાં હથીયાર બંધીનું જાહેરનામુ અસ્તિત્વમાં હતું અને તે જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી થયેલ હતી તે હકિકત રેકર્ડ ઉપર સ્પષ્ટપણે સાબિત થવી જોઈએ. પરંતુ આ કામે ફરીયાદ પક્ષ તરફે કોઈ જાહેરનામું રજુ કરવામાં આવેલ નથી કે જાહેરનામાની બજવણી અંગેનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજૂ કરેલ નથી. જે સંજોગોમાં હથીયાર બંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હતુ કે કેમ? તથા તે જાહેરનામાની યોગ્ય રીતે બજવણી થયેલી કે કેમ? તે હકિકત રેકર્ડ ઉપર આવતી ન હોય, જે હકિકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબનું તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of [1]***RAYSING LALSING DARBAR Vs. STATE OF GUJARAT*** ***1997[I] G.C.D. 8 [Guj] [UJ]*** that when in view of discrepancies appearing on record, the complainants case is shrouded in mystry and his version becomes doubtful as to occurrence of the incident in question, the case of complainant is not free from doubt, the benefit of doubt has to operate in favour of the Accused according to well settled principles of criminal law.

The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***1997[I] G.C.D. 20 [Guj][UJ]*** [2]***DHIRAJLAL VANMALIDAS THAKKAR Vs. B. M. RAO*** that upon going through the evidence on records, it is found that the statement of complainant were full of contradiction qua his complaint and there is no material on record to corroborate the oral version of complainant and several witnesses were declared hostile and other did not support the story and theory of complainant, there is no mistake if version of complainant is doubt.

The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***1991[1] G.L.R. 226*** [3]***LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT*** that in criminal trial, necessity of proving the guilt of Accused beyond reasonable doubt rest on prosecution and where the result

1 *RAYSING LALSING DARBAR Vs. STATE OF GUJARAT : 1997[I] G.C.D. 8 [Guj][UJ]*

2 *DHIRAJLAL VANMALIDAS THAKKAR Vs. B. M. RAO : 1997[I] G.C.D. 20 [Guj][UJ]*

3 *LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT : 1991[1] G.L.R. 226*

rests only on inferences or conjections, that approach which helps the Accused must be accepted and further held that when there is demarcating line between "Facts Proved" and Fact Not Proved", then benefit must go to Accused.

(૧૪) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે. પરંતુ સદર કેસમાં ફરીયાદ પક્ષ મુકેલા આક્ષેપો નિ:શં કપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જયારે ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોની જુબાની અને ફરીયાદ વચ્ચે સુંસંગતતા ન હોય ત્યારે મુકેલા આક્ષેપો મુજબના ગુનાઓ આરોપીઓએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીઓએ ગનો કર્યા એની થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. ક્રિમીનલ જસ્ટીસનો મૂળભુત સિધ્ધાંત છે કે, ભલે સો આરોપીઓ છુટી જાય, પરંતુ એક નિર્દોષને સજા થવી જ જોઈએ. ક્રિમીનલ જયુરીસ્પુડન્સના પ્રસ્થાપિત સિદ્ધાંતો અને ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ ધ્યાને લેતા, જો રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતા નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ કુરેલ આરોપી વિરૂધ્ધનાં પુરાવાઓ પુરવા થતા ન હોવાથી, આરોપી વિરૂધ્ધ અપુરતો પુરાવો મળી આવતા સદર આરોપીને શંકાનો લાભ મળવા પત્ર છે અને જો આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનું જણાય આવે છે. ઉપરોકત ચર્ચાના અંતે તા.૧૨/૦૭/૨૦૨૨ ના કલાક ૧૦:૦૦ વાગે મોજે ગરબાડા, નવાગામ, પટેલ ફળીયા મુકામે આ કામના આરોપી નં.૧ ની શેઢા ઉપર વાડ કરતી હોય જેથી ફરીયાદીબેન શેઢા ઉપર માણસોને આવવા જવા માટે રસ્તો રાખજે તેમ કહેવા જતા આ જમીન બધી મારી છે, હું બધી લઈ લઇશ તેમ કહી ગાળા ગાળી કરતા આરોપી નં.૨ એ આવી ફરીયાદીને છાતીના ભાગે લાત મારી જમીન પર પાડી દઈ કમરના ભાગે ઈજા કરી તેમજ સાહેદ કીર્તીકાબેનને ગાલ ઉપર

થપ્પડ મારી તેમજ વૈશાલીબેનને બરડાના ભાગે લાકડી મારી આ વાડ કરવા બાબતે અમોને કઈ કહેશો તો તમોને અહીં રહેવા દઈશું નહી અને તમોને જાનથી મારી નાખીશું તેમ કહી ધમકીઓ આપી, એકબીજાની મદદગારી કરી તેમજ મે. જીલ્લા મેજી., દાહોદનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપી એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ હોવાનું રજુ પુરાવાથી ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, જેથી આવા સંજોગોમાં મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓને તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટ–૧૩૫ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ સ મુજબની મુદ્ધામાલ લાકડીઓનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) આ કામના પ્રત્યેક આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૪૩૭(એ) અન્વયે હુકમ તારીખથી ૬ માસ સુધીના રૂ.૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો અથવા તો તેમના અગાઉના જામીનદાર જામીન તરીકે ચાલુ રહેવા માંગતા હોય તો તે મુજબની પુરસીસ રજુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

ઠરાવ આજરોજ તારીખઃ ૧૩મી, માહેઃ જુલાઇ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ગરબાડા,
તારીખ : ૧૩/૦૭/૨૦૨૬.

(રોહીત હરમાનભાઈ સોલંકી)
જયુડી. મેજી. ફ. ક., ગરબાડા,
(UIC-GJ01633)